## અસલ હુકમનામું

અસલ ફરિયાદનું હુકમનામું
(ઓ. ૨૦,કા.–૬–૭).

**દેત્રોજ ના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દેત્રોજ**

**રેગ્યુલર દિવાની મુકદ્મા નં ૧૨/૨૦૨૪**
**આંક : ૪૨**

**વાદી :–**

મેનેજરશ્રી,સ્ટે ટ બેંક ઓફ ઇન્ડિયા–બાન્ટાઇ શાખા,
રહે .બાન્ટાઈ,તા.દેત્રોજ–રામપુરા, જી.અમદાવાદ.

**વિરુધ્ધ**

**પ્રતિવાદી:–**

ભાવુભા બાપુભા ઝાલા
રહે .જેઠીપુરા,તા.દેત્રોજ–રામપુરા,જી.અમદાવાદ.

---

**વાદી તરફે વિ.વકીલશ્રી– આર.એ.શાહ**
**પ્રતિવાદીઓ તરફે વિ.વકીલશ્રી– એક્સપાર્ટી**

---

**દાવો : રુા.૨,૧૯,૩૬૪/– ના આંકથી**

---

| | |
|---|---|
| **દાવા દાખલ તારીખ** | **: ૨૯–૦૧–૨૦૨૪** |
| **દાવા નિકાલ ફેસલ તારીખ** | **: ૧૮/૦૩/૨૦૨૬** |

---

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના પ્રતિવાદી રહે.મુ.પો.જેઠીપુરા,તા.દેત્રોજ–રામપુરાનાઓએ સંયુકત રીતે કે.સી.સી.લોન ધિરાણ મેળવવા અરજી કરેલ. જે અરજી અનુસંધાને આ કામના પ્રતિવાદીના કે.સી.સી.લોન ધિરાણ રૂા.૧,૫૦,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ પચ્ચાસ હજાર પુરા) તા.૨૭–૦૫–૨૦૧૬ ના રોજ મંજુર કરવામાં આવેલ અને આ કામના પ્રતિવાદીના નકકી થયા પ્રમાણેના વર્ષે નકકી થયા પ્રમાણેની ધિરાણની રકમ આપવામા આવેલ અને સદર ધિરાણની પ્રક્રિયા અંગે આ કામના પ્રતિવાદીએ તેમની અરજી તેમજ તે સાથે આ કામના પ્રતિવાદીએ

લેટર ઓફ એરેન્જમેન્ટ,શાનગીરોનો કરાર, તેમજ અન્ય જરૂરી દસ્તાવેજો તેઓ વાદી બેંકને તેમની સહી /અંગુઠા કરીને વાદી બેંકની તરફે ણમાં કરી આપેલ અને તે ધિરાણની રકમ આ કામના પ્રતિવાદીને વાદી બેંકને હપ્તાઓથી કરાર પ્રમાણે વ્યાજ સહિત ભરપાઇ કરવાની સવલત વાદી બેંક તરફથી આપવામાં આવેલી તેમજ જો આ કામના પ્રતિવાદી નકકી થયા પ્રમાણેના સમયે ધિરાણની રકમ ના ચુકવે તો વધારાના કરાર મુજબ દંડનીય વ્યાજ સહિત પ્રતિવાદીએ વ્યાજ ચુકવવાનું રહે શે તેવું પણ પ્રતિવાદી સાથે નકકી થયેલ.આ કામના પ્રતિવાદીએ તેમની જમીન ઉપર બોજો પણ નોંધાવી આપેલ હતો. આ કામના પ્રતિવાદીનું વાદી બેંકની શાખામાં લીધેલ ધિરાણ અંગે ખાતા નં.૩૩૫૪૬૨૯૮૦૫૭ થી ખાતુ ચાલતું આવેલ છે અને આ કામના પ્રતિવાદીઓ સદર ધિરાણ ચુકવવામાં તેમજ હપ્તાની રકમ ચુકવવામાં બેદરકાર રહેલ છે.અને પ્રતિવાદીએ ધિરાણની રકમ ભરપાઇ નહી કરતા વાદી બેંકે આ કામના પ્રતિવાદીને અવાર નવાર ધિરાણ ભરપાઇ કરવા અંગે લેખિત મૌખિક જાણ કરેલ. વધુમાં વાદી બેંકે આગળ જણાવેલ છે કે ,વાદી બેંકે અવાર નવાર મૌખિક તેમજ લેખિત સુચનાઓ રકમ ભરપાઇ કરવા આપેલ હોવા છતા પ્રતિવાદીએ રીવાઇવલ લેટર પણ લખી આપેલ હોય/ધિરાણ પણ રીન્યુઅલ કરાવેલ હોય છતાં વાદી બેંકની લેણી કરમ ભરપાઇ કરે લ ન હોઇ આ કામના પ્રતિવાદી પાસે વાદી બેંકનું તા.૦૫-૦૧-૨૦૨૪ ના રોજની સ્થિતિએ રૂા.૨,૧૯,૩૬૪/-(અંકે રૂપિયા બે લાખ ઓગણીસ હજાર ત્રણસો ચોસઠ રૂપિયા પુરા)નું લેણું પડે છે જે રકમ વ્યાજ સાથે વસુલ મેળવવા વાદી બેંકને હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

**(૨) માંગવામાં આવેલ દાદ:**

**(અ)** આ કામના પ્રતિવાદીએ નામદાર કોર્ટ ની હકુ મતમાં વાદી બેંકમાંથી ધિરાણ મેળવવા પ્રક્રિયા કરતાં પ્રતિવાદીનું રૂા.૧,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચ્ચાસ હજાર પુરા) ની લીમીટનું તેઓની દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણેનું વાદી બેંક દ્વારા ધિરાણ મંજુર કરવામાં આવેલ હોય અને તે મંજુર થયા બાદ નકકી થયા પ્રમાણેના વર્ષે પ્રતિવાદીએ વાદી બેંકમાંથી નકકી થયા પ્રમાણએનું ધિરાણ મેળવેલ હોય અને તે ધિરાણની વાદી બેંકની

તા.૦૫–૦૧–૨૦૨૪ નારોજની સ્થિતિએ કલોઝર અમાઉન્ટ રૂા.૨,૧૯,૩૬૪/–(અંકે રૂપિયા બે લાખ ઓગણીસ હજાર ત્રણસો ચોસઠ રૂપિયા પુરા) ની જે લેણી રકમ પડે છે તે રકમ આ કામના પ્રતિવાદી વાદી બેંકને ૧૪ ટકાના ચઢેલ/ચઢતા વ્યાજ સાથે ચુકવી આપે તેવું હુકમનામુ વાદી બેંકના લાભમાં તેમજ આ કામના પ્રતિવાદી વિરુધ્ધ કરી આપવા નમ્ર અરજ છે.

**(બ)** વાદી બેંક આ કામના પ્રતિવાદી પાસેથી ઉપરોકત જણાવ્યા પ્રમાણેની ચઢતી લેણી રકમ સહિતની રકમ પ્રતિવાદીની હરકોઇ સ્થાવર– જંગમ મિલકત કે જાતથી વાદી બેંક વસુલ કરી લઇએ તેવો વાદી બેંકના લાભમાં હુકમ તેમજ હુકમનામું કરી આપવા દાદ માંગેલ છે .

**(ક)** આ દાવો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલ છે .

**(ડ)** આ દાવાને લગતી બીજી વાજબી અને આનુસાંગિક દાદ કે દાદો વાદી બેંકના લાભમાં તેમજ પ્રતિવાદી વિરુધ્ધ અપાવવા અરજ છે .

(૨) દાવો દાખલ થતા પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ કરતાં,સમન્સની ધોરણસર બજવણી થયેલ છે પરંતુ પ્રતિવાદીઓ કે તેઓના માહીતગાર વકીલશ્રી અદાલત રુબરુ હાજર રહેલ નથી કે કોઇ રીપોર્ટ રજુ કરેલ નથી.જેથી પ્રતિવાદીઓ સામે સદર કામે એકતરફી ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે.

## –:આખરી હુકમ:–

(૧) વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે .

(૨) આ કામના પ્રતિવાદી વાદીને રૂા.૨,૧૯,૩૬૪/–(અંકે રૂપિયા બે લાખ ઓગણીસ હજાર ત્રણસો ચોસઠ રૂપિયા પુરા) દાવા તારીખથી સદર રકમ વસુલ આવતા સુધી વાર્ષિક ૦૯ ટકા ના દરે વ્યાજ સહ ચુકવી આપવી.

(૩) પ્રતિવાદી દ્વારા વાદીની લેણી પડતી રકમ ચુકવવામાં કસુર થયેથી વાદી બેંક તેઓની લેણી પડતી રકમ પ્રતિવાદીની જાત તેમજ તમામ મિલ્કતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

(૪) આ હુકમ થયા સુધીમાં જો પ્રતિવાદીએ કોઇ રકમ ચુકવેલી હશે તો તે રકમ તેને મજરે આપવાની રહે શે.

(૫) વાદીનો દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો.

(૬) હુકમ મુજબ આખરી હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ તારીખઃ૧૮, માહે –માર્ચ,સને–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટ નું સીલ કરી જાહેર કર્યો.

તારીખ– ૧૮.૦૩.૨૦૨૬
સ્થળ–દેત્રોજ

(હર્ષ શાંતીભાઇ રાઠોડ)
પ્રિન્સીપાલ સિવિલ જજ, દેત્રોજ
કોડ નં. જી.જે.૦૧૭૭૪

।
।
।
।
।
।
।
।
।
।
।
।
।
।
।

રેગ્યુલર દિવાની મુકદ્મા નં ૧૨/૨૦૨૪

**o o ખર્ચનો આંકડો o o**

| વાદીને થયેલો | | | | પ્રતિવાદીને થયેલો | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | રૂ. | પૈસા | | | રૂ. | પૈસા |
| ૧. | ફરીયાદ અરજીનો સ્ટાંપ | ૮૩૫૦/– | | ૧. | સામા દાવા ઉલટા દાવાના સ્ટાંપ | – | |
| ૨. | મુખત્યારનામાનો સ્ટાંપ | ૩/– | | ૨. | મુખત્યારનામાનો સ્ટાંપ | ૩/– | |
| ૩. | રજુ થયેલ કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | – | | ૩. | રજુ થયેલ કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | | |
| ૪. | સાક્ષીઓની ખોરાકી | | | ૪. | સાક્ષીઓની ખોરાકી | | |
| ૫. | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૭૫૦/– | | ૫. | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૭૫૦/– | |
| ૬. | પ્રોસેસ બજવણી | – | | ૬. | પ્રોસેસ બજવણી | – | |
| ૭. | કમિશનર ફી | – | | ૭. | કમિશનર ફી | – | |
| ૮. | તરજુમાની ફી | – | | ૮. | તરજુમાની ફી | – | |
| ૯. | નકલ ફી | – | | ૯. | નકલ ફી | – | |
| ૧૦. | મુલતવી રાખવા બદલ આપેલ | – | | ૧૦ | મુલતવી રાખવા બદલ આપેલ | – | |
| ૧૧. | વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટાંપ | – | | | | – | |
| | **કુલ** | ૯૧૦૩/– | | | **કુલ** | ૭૫૩/– | |
| | **નહીં આપેલાનો ખર્ચ** | | | | **નહીં આપેલાનો ખર્ચ** | | |

આજ તારીખ ૦૨ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

(એચ.એસ.રાઠોડ)

તૈયાર કરનાર<br>આસીસ્ટન્ટ

તપાસનાર<br>સુપ્રીટેન્ડેન્ટ

પ્રિન્સિપાલ સિવીલ જજ<br>દેત્રોજ<br>કોડ નં..જે.૦૧૭૭૪